કૌન બનેગા કરોડપતિના નામે વૃદ્ધ સાથે રૂ. ૧૩.૫૧ લાખની ઠગાઈ

અમિતાભ બચ્ચન, દિલ્હી હાઈકોર્ટ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના લોગોવાળો વિડીયો પણ મોકલ્યો

સુરતઃઉધના દરવાજા સ્થિત ખરવરનગરમાં રહેતા ૬૪ વર્ષીય નિવૃત્ત વૃદ્ધને 'કૌન બનેગા કરોડપતિ' (KBC) માં લાખો રૂપિયાની લોટરી લાગી હોવાની ખોટી લાલચ આપી ગઠિયાઓએ

ટુકડે ટુકડે ૧૩,૫૧,૪૫૦ લાખ પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

ઉધના દરવાજા પાસે આવેલા શાસ્ત્રી નગરમાં રહેતા સોમૈયા કપુલૈયા દાસરી (ઉ.વ. ૬૪) નિવૃત્ત જીવન ગાળે છે. ગઈ તારીખ ૨૮ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ફેસબુક પર તેમણે 'KBC કૌન બનેગા કરોડપતિ' ની એક જાહેરાત જોઈ હતી જેમાં સાચો જવાબ આપનારને ૮.૫૦ લાખની લોટરી લાગી શકે છે તેમ દર્શાવવામાં આવ્યું હતું. સોમૈયાભાઈએ લિંક પર ક્લિક કરતા જ તેમનો ફોન સીધો એક અજાણ્યા વ્હોટ્સએપ નંબર પર રીડાયરેક્ટ થઈ ગયો હતો.

સામે પક્ષેથી રાહુલ ખન્ના અને રાણા પ્રતાપસિંગ નામના વ્યક્તિઓએ વ્હોટ્સએપ પર સંપર્ક કરી પોતે KBC ના સિનિયર મેનેજર હોવાની ઓળખ આપી હતી. તેમણે વૃદ્ધને રૂ. ૮.૫૦ લાખની લોટરી લાગી હોવાનું કહી સૌપ્રથમ રજિસ્ટ્રેશન ફી પેટે રૂ. ૧૨,૨૦૦/- ભરવા જણાવ્યું હતું. ત્યારબાદ સોમૈયાભાઈનો વિશ્વાસ જીતવા માટે ઠગોએ અમિતાભ બચ્ચન, દિલ્હી હાઈકોર્ટ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના લોગોવાળો એક એડિટેડ વીડિયો મોકલ્યો હતો, જેમાં તેઓ કાર જીતી ગયા હોવાનો દાવો કરાયો હતો.

એટલું જ નહીં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) અને મિનિસ્ટ્રી ઓફ પાવરના લોગોવાળા બનાવટી લેટરપેડ, ચેક તેમજ રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર કુટલેખન કરેલા બોગસ પત્રો મોકલીને વૃદ્ધને સંપૂર્ણ વિશ્વાસમાં લઈ લીધા હતા. વૃદ્ધે તેમના અલગ અલગ બેંકના ખાતાઓમાંથી કુલ રૂ. ૧૩,૫૧,૪૫૦/- ટ્રાન્સફર કરી દીધા હતા. પછી તેમને ઠગાઈ થઈહોવાનું લાગતા તેમણે સાયબર ક્રાઈમમાં કરેલી અરજીના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ પર જુદી જુદી રીતે ઠગાઈ કરતી જુદી જુદી ગેંગ સક્રિય છે. જેને નાથવી ખૂબ જ જરૂરી છે.

ગોપીપુરામાં એપાર્ટમેન્ટ તોડતી વખતે સ્લેબ પડતાં યુવકનું મોત

પરિવારે જવાબદાર સામે ફરિયાદ નોંધવાની માંગ કરીને મૃતદેહ સ્વીકારવાની ના પાડી

સુરતઃ ગોપીપુરામાં જર્જરિત એપાર્ટમેન્ટ તોડતી વખતે સ્લેબ તૂટીને યુવકના માથા પર પડતાં તેનું મોત નીપજ્યું હતું. વગર સેફ્ટીએ કામ કરતા મૃતકના પરિવારે જવાબદાર સામે ફરિયાદ નોંધવાની માંગ કરીને મૃતદેહ સ્વીકારવાની ના પાડી હતી.

મળેલી માહિતી મુજબ, મૂળ રાજસ્થાન બાંસવાડાના વતની ભીમાભાઈ દેવાભાઈ બારીયા (45 વર્ષ) હાલ ભાગળ ખાતે આવેલ ગોદામણીની પોલમાં પરિવાર સાથે રહેતા હતા. તે કડિયા કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. રવિવારે બપોરે ભીમાભાઈ પરિવારના અન્ય સભ્યો સાથે ગોપીપુરા સુભાષચોક ચાંદલા ગલી ખાતે આવેલ સિદ્ધશીલા નામનું જર્જરિત એપાર્ટમેન્ટમાં કામ માટે ગયા હતા.

જ્યાં તેઓ એપારમેન્ટના ત્રીજા માટે પુત્ર મુકેશ અને પુત્રવધુ નાનીબેન સાથે ઝૂલા પર ચડીને સ્લેબ તોડવાનું કામ કરી રહ્યા હતા. તે દરમિયાન સ્લેબનો એક ભાગ તૂટીને તેમના માથા પર પડ્યો હતો. તેમને સિવિલમાં ખસેડાયા હતાં ત્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. બનાવમાં તેમના પુત્ર અને પુત્રવધુનો બચાવ થયો હતો.

તેમજ ભીમાભાઈ માથા પર હેલ્મેટ સહિત અન્ય સેફ્ટી સાધનો વગર કામ કરી રહ્યા હતા. જેથી તેમના પુત્રએ જવાબદાર સામે ફરિયાદ નોંધવાને માંગ કરી પિતાનો મૃતદેહ સ્વીકારવા માટે ના પાડી હતી. જોકે મોડી સાંજે તેઓ મૃતદેહને વતન ખાતે લઈને ગયા હતા.

પ્રેમીના ત્રાસથી કંટાળી MAની વિદ્યાર્થિનીએ કર્યો હતો આપઘાત

પ્રેમી પૂર્વ કોલેજ મિત્ર સાથે વાતચીત ન કરવા અને સબંધ ન રાખવા દબાણ કરતો હતો

સુરતઃ ઉન વિસ્તારમાં રહેતી અને MAનો અભ્યાસ કરતી ૨૬ વર્ષીય વિદ્યાર્થિનીએ ગત બુધવારે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ ચોંકાવનારા મામલામાં પોલીસ તપાસ દરમિયાન મોટો ખુલાસો થયો છે. યુવતીએ તેના પ્રેમીના સતત માનસિક ત્રાસ અને શંકા વહેમના કારણે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. પ્રેમી યુવતીને તેના પૂર્વ કોલેજ ફ્રેન્ડ સાથે વાતચીત ન કરવા દબાણ કરતો હતો. આ મામલે ભેસ્તાન પોલીસે પ્રેમી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના વતની હાલ સુરતના ઉન વિસ્તારમાં પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની ૨૬ વર્ષીય પુત્રી હિના (નામ બદલ્યું છે) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)માંથી એક્સટર્નલ તરીકે MAનો અભ્યાસ કરતી હતી. ગત બુધવારે બપોરે હિનાએ પોતાના રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

હિનાએ આત્મહત્યા કરી તેના અડધા કલાક પહેલાં જ તેના પિતા કામ અર્થે ઘરની બહાર ગયા હતા. તેઓ જ્યારે પરત ઘરે ફર્યા ત્યારે પુત્રીને લટકતી હાલતમાં જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, હિનાને જૂનાગઢના માળિયા હાટીના તાલુકાના પિખોરા ગામના વતની અને હાલ મારુતિ સુઝુકી કંપનીમાં નોકરી કરતાં ૨૮ વર્ષીય દિલીપ ભનુભાઈ બાબરીયા સાથે પ્રેમ સંબંધ હતો. દિલીપ અવારનવાર હિના પર શંકા કરતો હતો અને હિના સાથે અગાઉ કોલેજમાં અભ્યાસ કરતાં તેના મિત્ર મુકેશ સાથે વાતચીત ન કરવા તેમજ સંબંધ ન રાખવા માટે સતત દબાણ કરી માનસિક ત્રાસ આપતો હતો.

પ્રેમીના આ જ ત્રાસથી કંટાળીને શિવાનીએ મોત વહાલું કર્યું હોવાનું ખુલતા ભેસ્તાન પોલીસે હિનાના પિતાની ફરિયાદ લઈ આરોપી પ્રેમી દિલીપ બાબરીયા વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ શરૂ કરી છે.

ગૃહકંકાસ બાદ નશામાં યુવાને દરવાજો બંધ કરી હાથની નસ કાપી

સુરતઃ ગોડાદરામાં રવિવારે રાતે ગૃહકંકાસ થયા બાદ નશામાં યુવાને દરવાજો બંધ કરતા પરિવારજનો ગભરાઈ ગયા હતા. યુવાનને ફાયરે બહાર કાઢતા તેમના પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો. કલ્પના રો હાઉસમાં રહેતા ૩૨ વર્ષીય મોરેશ્વર શ્રીપાલને રવિવારે રાત્રે ગૃહ કંકાસ થયો હતો. જેથી તેમણે દારૂના નશામાં રૂમમાં જઈ દરવાજો અંદરથી લોક કરી દીધો હતો, પરિવારજનો સહિતના વ્યક્તિઓ દરવાજો ઘણા સમય સુધી ખખડાવતા તેણે નહી ખોલતા ગભરાઈ ગયા હતા. આ અંગે ૧૦૮, પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ થતા ઘટના સ્થળેદોડી આવ્યા હતા. બાદમાં ફાયરજવાનોએ દરવાજાનું તાળું તોડી તેને બહાર કઢાતા તેના પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો. તેના હાથમાં નશ કપાઈ જાય, તે પ્રકારના ઈજાના નિશાન હોવાથી ૧૦૮ એમ્બ્યુલન્સમાં સારવાર માટે લઈ ગયા હોવાનું ફાયર ઓફિસરે જણાવ્યું હતું. જો કે, તેને કઈ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે અને ત્યાં તેની સ્થિતિ કેવી છે તે અંગેની કોઈ માહિતી પ્રાપ્ત થઈ શકી નથી. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં નાની નાની બાબતે ઝગડો કર્યા પછી આપઘાતના કિસ્સા વધી રહ્યાં છે.

અમેરિકી-ઈઝરાયલ તણાવ વચ્ચે ડિબિયર્સની સાઈટ ખૂલી

મંદી વચ્ચે 25થી 29 મે સુધી સાઈટહોલ્ડરો ઓક્શનમાં બિડિંગ કરશે.

સુરતઃ વિશ્વની અગ્રણી હીરા ઉત્પાદક ડિબિયર્સની (De Beers) દ્વારા આજે નવી રફ ડાયમંડ સાઈટ જાહેર કરવામાં આવી છે. સુરત અને મુંબઈ સહિત દેશના હીરા ઉદ્યોગમાં ચાલી રહેલી લાંબી મંદી, અમેરિકન બજારમાં નબળી માંગ અને ઈરાન વિરુદ્ધ અમેરિકા-ઈઝરાયલ વચ્ચે વધતા યુદ્ધજન્ય તણાવને ધ્યાનમાં રાખીને કંપનીએ આ વખતે રફ હીરાના ભાવોમાં કોઈ વધારો કે ઘટાડો કર્યા વગર ભાવ સ્થિર રાખવાનો નિર્ણય લીધો હોવાનું ઉદ્યોગ વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

ડિબિયર્સની આ સાઈટ 25 મેથી 29 મે સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન વિશ્વભરના સાઈટહોલ્ડર ગ્રાહકો રફ હીરાના પેકેટોનું નિરીક્ષણ કરી ઓક્શન આધારિત બિડિંગ પ્રક્રિયામાં ભાગ લેશે. સુરતના હીરા ઉદ્યોગ માટે આ સાઈટ મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે શહેરના હજારો કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડ યુનિટ્સનું ઉત્પાદન મોટા પ્રમાણમાં રફ ડાયમંડની ઉપલબ્ધતા અને કિંમતો પર આધારિત છે.

હીરા ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા મુજબ છેલ્લા એક વર્ષથી અમેરિકન અને ચાઈના માર્કેટમાં નેચરલ ડાયમંડની માંગમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. બીજી તરફ લેબગ્રોન ડાયમંડની વધતી સ્પર્ધા, વૈશ્વિક મોંઘવારી અને પશ્ચિમ એશિયામાં વધી રહેલા જીઓ-પોલિટિકલ તણાવને કારણે આંતરરાષ્ટ્રીય ખરીદદારો સાવચેત વલણ અપનાવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં ડિબિયર્સ દ્વારા ભાવ સ્થિર રાખવાનો નિર્ણય ઉદ્યોગ માટે રાહતરૂપ ગણાઈ રહ્યો છે.

ભારત વિશ્વમાં કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડનું સૌથી મોટું હબ ગણાય છે અને તેમાં સુરતનું પ્રભુત્વ છે. જોકે નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન ભારતના કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડ એક્સપોર્ટમાં ભારે ઘટાડો નોંધાયો હતો. જેજેઈપીસીના આંકડા મુજબ ભારતના કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડ એક્સપોર્ટ 16.8 ટકા ઘટીને આશરે 13.3 અબજ ડોલર સુધી સીમિત રહ્યા હતા, જે છેલ્લા લગભગ બે દાયકાનો સૌથી નીચો સ્તર માનવામાં આવે છે.

તેની સીધી અસર રફ ડાયમંડ ઈમ્પોર્ટ પર પણ જોવા મળી હતી. નબળી માંગને કારણે ભારતીય પ્રોસેસરોએ રફ હીરાની ખરીદીમાં ઘટાડો કરતા વર્ષ દરમિયાન રફ ડાયમંડ ઈમ્પોર્ટ અંદાજે 24.3 ટકા ઘટીને 10.8 અબજ ડોલર સુધી પહોંચ્યો હતો.

તાજેતરના મહિનાઓમાં સ્થિતિ વધુ નબળી બની હોવાનું વેપારીઓ માની રહ્યા છે. મે-2025 દરમિયાન ભારતના કટ એન્ડ પોલિશ્ડ ડાયમંડ એક્સપોર્ટમાં 35 ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો, જ્યારે રફ ડાયમંડ ઈમ્પોર્ટમાં પણ ઘટાડો નોંધાતા ઉદ્યોગમાં કામકાજ ધીમું પડ્યું છે.

ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ સુરતમાં અનેક નાના અને મધ્યમ હીરા કારખાનાઓ હજુ પણ આંશિક ક્ષમતાથી ચાલી રહ્યા છે. ઘણા યુનિટ્સે ઉત્પાદન ઘટાડ્યું છે તો કેટલાકે કામકાજના કલાકોમાં કપાત કરી છે. આવી સ્થિતિમાં ડિબિયર્સ દ્વારા રફના ભાવ સ્થિર રાખવામાં આવતા ઉત્પાદન ખર્ચમાં અચાનક વધારો થવાનો ભય ટળ્યો હોવાનું વેપારીઓ માની રહ્યા છે.

હીરા બજારના જાણકારોના મતે આગામી કેટલાક મહિના સુધી વૈશ્વિક રાજકીય અને આર્થિક પરિસ્થિતિ ઉદ્યોગ માટે નિર્ણાયક રહેશે. ખાસ કરીને અમેરિકા, ચીન અને મધ્ય પૂર્વના બજારોમાં માંગ સુધરે તો જ સુરતના હીરા ઉદ્યોગમાં ફરી તેજી જોવા મળી શકે છે.

મોટા વરાછામાં બાથરૂમનો દરવાજો લોક થતા યુવક ફસાયો

સુરતઃ સોમવારે વહેલી સવારે મોટા વરાછા સ્થિત અબ્રામા અવધ પલ્સ બંગ્લોઝમાં બાથરૂમમાં નહાવા ગયેલો એક યુવક લોક થઈ ગયો હતો. ફાયર કંટ્રોલને જાણ કરાતા મોટા વરાછા ફાયર બ્રિગેડની ટીમે યુવકનું રેસક્યુ કર્યું હતું.

આજે સવારે 6 કલાકે અબ્રામા ખાતે આવેલી પલ્સ રેસિડેન્સિનાં બાથરૂમમાં 40 વર્ષિય ભાવેશ સાવલિયા બાથરૂમમાં નહાવા માટે ગયો હતો. દરમિયાન દરવાજો લોક થઈ ગયો હતો.પહેલાં પરિવારનાં સભ્યોએ દરવાજો ખોલવાનાં પ્રયાસો કર્યા હતાં, પરંતુ દરવાજો ઉઘડ્યો ન હતો. બાદમાં ફાયર બ્રિગેડને જાણ કરાતા મોટા વરાછા ફાયરનો સ્ટાફ સ્થળ ઉપર પહોંચી ગયો હતો.ફાયર સબ ઓફિસર સિધ્ધાર્થ ગઢવીએ જણાવ્યું હતુ કે, દરવાજો ઓટોમેટીક લોક સિસ્ટમ વાળો હોવાને કારણે લોક થઈ ગયો હતો. લોક તોડી નાખ્યા બાદ યુવકને સલામત રીતે રેસક્યુ કરી લેવામાં આવ્યો હતો.

ટ્રેનોમાં મુસાફરોની ઘેટાં-બકરાં જેવી સ્થિતિ, પ્લેટફોર્મ પર ધક્કામુક્કી

લગ્નની મોસમ પૂરી, હવે સુરત-મુંબઈ તરફ આવતી ટ્રેનો હાઉસફૂલ

વારાણસીથી મહાનગરો તરફ જતી ટ્રેનોમાં જુલાઈ મહિનાના પ્રથમ અઠવાડિયા સુધી કોઈ કન્ફર્મ સીટ ઉપલબ્ધ નથી

વેઈટિંગ લિસ્ટ લાંબુલચક બન્યું, જનરલ ટિકિટોના વેચાણમાં 30 ટકાનો તોતિંગ વધારો

સુરતઃ લગ્નસરા અને અન્ય ધાર્મિક વ્રતોની સિઝન જેવી જ પૂર્ણ થઈ કે તરત જ રોજી-રોટી કમાવવા માટે લોકોએ ફરી એકવાર મોટા શહેરો અને મહાનગરો તરફ દોટ મૂકી છે. આ સ્થિતિના કારણે સુરત, મુંબઈ અને દિલ્હી જેવા ઔદ્યોગિક શહેરો તરફ જતી ટ્રેનો પર મુસાફરોનું ભારણ હદ બહાર વધી ગયું છે. હાલની સ્થિતિ એવી ગંભીર બની ગઈ છે કે ભીષણ અને અસહ્ય ગરમીની વચ્ચે ટ્રેનોમાં મુસાફરી કરવી સામાન્ય નાગરિકો માટે નરક સમાન સાબિત થઈ રહી છે. રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની સુવિધા માટે 'સમર સ્પેશિયલ' ટ્રેનો દોડાવવામાં તો આવી છે, પરંતુ આ ટ્રેનો કલાકો સુધી મોડી ચાલી રહી હોવાથી મુસાફરોની હાલાકીમાં ઓર વધારો થયો છે. વારાણસીથી મહાનગરો તરફ જતી એક પણ મુખ્ય ટ્રેનમાં જુલાઈ મહિનાના પ્રથમ અઠવાડિયા સુધી કોઈ કન્ફર્મ સીટ ઉપલબ્ધ નથી અને વેઈટિંગ લિસ્ટ આસમાને પહોંચી ગયું છે.

વારાણસી જંકશન (કેન્ટ) અને બનારસ સ્ટેશનના જનરલ ટિકિટ કાઉન્ટરો પર સામાન્ય દિવસોની સરખામણીએ હાલમાં 30 ટકા વધુ ટિકિટોનું વેચાણ થઈ રહ્યું છે. મુસાફરો ટિકિટ લેવા માટે કલાકો સુધી લાંબી કતારોમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. ખાસ કરીને સુરત અને મુંબઈ જતી મહાનગરી એક્સપ્રેસ, બનારસ-એલટીટી, શિવગંગા એક્સપ્રેસ, કામાયની એક્સપ્રેસ અને તાપ્તી ગંગા એક્સપ્રેસ જેવી ટ્રેનોના ઉપડવાના કલાકો પહેલાંથી જ સ્ટેશનો પર પગ મૂકવાની પણ જગ્યા બચી નથી. પવન એક્સપ્રેસ અને મહાનગરી જેવી ટ્રેનોમાં સ્લીપર ક્લાસમાં વેઈટિંગ લિસ્ટ 60ને પાર થઈ ગયું છે, જ્યારે એસી કોચમાં પણ ભારે વેઈટિંગ જોવા મળી રહ્યું છે. દિલ્હી તરફ જતી પ્રીમિયમ ટ્રેન ગણાતી રાજધાની એક્સપ્રેસના એસી-3 ટાયર માં તો 'રિગ્રેટ' (નો રૂમ)ની સ્થિતિ સર્જાઈ છે, એટલે કે હવે તેમાં વેઈટિંગ ટિકિટ પણ બુક થઈ શકે તેમ નથી. શ્રમજીવી અને શિવગંગા એક્સપ્રેસમાં સ્લીપર ક્લાસમાં વેઈટિંગ અનુક્રમે ૫૨ અને 65 સુધી પહોંચી ગયું છે. સૌથી વધુ કફોડી સ્થિતિ સુરત અને ગુજરાત તરફ આવતા શ્રમિકોની થઈ રહી છે. ગાઝીપુર સિટી-બાંદ્રા ટર્મિનસ ટ્રેનમાં સ્લીપર ક્લાસમાં 95 વેટિંગ છે, જ્યારે તાપ્તી ગંગા એક્સપ્રેસ અને હમસફર એક્સપ્રેસમાં સ્લીપર ક્લાસમાં મુસાફરો સીટ મેળવવા માટે વલખાં મારી રહ્યા છે. ટ્રેનોના જનરલ અને સ્લીપર કોચોમાં મુસાફરો ઘેટાં-બકરાંની જેમ ઠાંસી-ઠાંસીને ભરાઈ રહ્યા છે. ટ્રેન પ્લેટફોર્મ પર આવતાની સાથે જ કોચમાં ચડવા માટે મુસાફરો વચ્ચે ભારે ધક્કામુક્કી અને મારામારીના દ્રશ્યો સર્જાઈ રહ્યા છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ | IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૩૯૮૬૨૪૦૫	મિલકત સામે લોન	૧. કિશોરભાઈ મનુભાઈ કડવાની ૨. કડવાની ઈલાબેન કિશોરભાઈ	૨૩.૦૪.૨૦૨૬	રૂા.૧૭,૫૨,૦૯૦.૩૪

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી દુકાન જી/૨ કે જે પારસ કો.ઓ. હા.સો.લી ના વિશ્વનાથ આર્કેડના ગ્રાઉન્ડ ફ્લોર પર માપ ૧૦.૮૭ ચો.મી (કારપેટ એરયા) અને ૧૩.૦૪ ચો.મી (બીલ્ટઅપ એરીયા) મિલ્કતના વણવહેચાયેલ હિસ્સા સહિત રેવન્યુ સર્વે ૪૬૩ અને ૪૬૪ ટી.પી સ્કીમ નં. ૩ ફાઈનલ પ્લોટ નં. ૪૪૧,૪૪૨ પૈકી પ્લોટ નં. બી-૧૩બી અને પ્લોટ નં. બી/૧૪-એ મોજે ગામ કતારગામ,સુરત શહેર જીલ્લા સુરત,ગુજરાત-૩૯૫૦૦૪ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** :પેસેજ,**પશ્ચિમ તરફ** : જોડે ની દુકાન, **ઉત્તર તરફ** :દુકાન નં. ૩ , **દક્ષિણ તરફ**, : દુકાન નં. ૫

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૬.૦૫.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત

માથાભારે ચિરાગ ભરવાડની જામીન અરજી ફગાવતી કોર્ટ

જમીનની તકરારમાં હુમલાનો આરોપ

સુરતઃ વરાછા પોલીસ સ્ટેશને નોંધાયેલાં હત્યાની કોશિશના કેસમાં આરોપી ચિરાગ રેવાભાઈ મેર ઉર્ફે ભરવાડની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી હતી. આ કેસની વિગત મુજબ જમીન બાબતની તકરારને ધ્યાને રાખી આરોપી ચિરાગ ભરવાડે ફરિયાદીને જીવતો રહેવા દેવાનો નથી અને પતાવી દેવાનો છે તેમ કહી ફરિયાદીને લાકડાના ધોકા વડે માર મારતા ફરિયાદી બેભાન થઈ ગયો હતો. જેથી તે મરી ગયાનું માનીને આરોપી ચાલ્યો ગયો હતો.આ બનાવ અંગે વરાછા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે તા. ૨૦-૪-૨૬ના રોજ આરોપીની ધરપકડ કરી હતી. આરોપીએ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ ડી વી તેવરે જામીન અરજીનો વિરોધ કરી દલીલ કરી હતી કે આરોપી વિરુદ્ધ પ્રથમ દર્શાનીય કેસ છે. આરોપી વિરુદ્ધ ઘણા બધા ગુનાઓ નોંધાયેલા છે. આ તબક્કે જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો તે, ફરીથી સુલેહ શાંતીનો ભંગ થાય તેવા કૃત્ય કરે તેમ છે અને પોલીસ તપાસને પણ અસર થાય તેમ છે, જેથી જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

બાંદ્રા-જબલપુર સાપ્તાહિક હવે કાયમી ટ્રેન

ટ્રેન સુપરફાસ્ટ એક્સપ્રેસ તરીકે નવો નંબર સાથે અપાશે

સુરત, વડોદરા અને રતલામ સહિતના સ્ટેશનો પર સ્ટોપેજ રહેશે

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને બાંદ્રા ટર્મિનસ તેમજ જબલપુર વચ્ચે નિયમિત રેલ સંપર્ક વ્યવસ્થા પૂરી પાડવાના હેતુથી એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત અત્યાર સુધી દોડતી ટ્રેન સંખ્યા 02133/02134 બાંદ્રા ટર્મિનસ-જબલપુર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને હવે કાયમી એટલે કે નિયમિત કરી દેવામાં આવી છે. રેલવે પ્રશાસનના જણાવ્યા અનુસાર, આ નિયમિત સેવા હવે સુધારેલા નવા ટ્રેન નંબર 20163/20164 બાંદ્રા ટર્મિનસ-જબલપુર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસ તરીકે ઓપરેટ કરવામાં આવશે.

ટ્રેનનું નિયમિત સમયપત્રક અને રૂટ

1/ ટ્રેન સંખ્યા 20163 (બાંદ્રા ટર્મિનસ થી જબલપુર): આ ટ્રેન દર શનિવારથી બાંદ્રા ટર્મિનસ થી સાંજે 16:30 કલાકે ઉપડશે અને બીજા દિવસે બપોરે 15:10 કલાકે જબલપુર પહોંચશે.

2/ ટ્રેન સંખ્યા 20164 (જબલપુરથી બાંદ્રા ટર્મિનસ): આ ટ્રેન દર શુક્રવારથી જબલપુરથી સાંજે 17:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે બપોરે 14:15 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

મુખ્ય સ્ટેશનો પર સ્ટોપેજ

આ સુપરફાસ્ટ ટ્રેન બંને દિશામાં મુસાફરી દરમિયાન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, ભોપાલ, નર્મદાપુરમ, ઇટારસી, પિપરીયા અને નરસિંહપુર સ્ટેશનો પર રોકાશે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર અખબારી યાદી મુજબ, ટ્રેન સંખ્યા 20163 બાંદ્રા ટર્મિનસ-જબલપુર સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસની નિયમિત સેવા આગામી તારીખ 30 મે, 2026 થી બાંદ્રા ટર્મિનસ થી શરૂ થશે. જ્યારે પરતમાં ટ્રેન સંખ્યા 20164 જબલપુર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સુપરફાસ્ટ એક્સપ્રેસની નિયમિત સેવા તારીખ 29 મે, 2026 થી જબલપુર થી શરૂ થવા જઈ રહી છે.ટ્રેનના કોચ સ્ટ્રક્ચરની વાત કરીએ તો, આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસના ડબ્બાઓ સામેલ કરવામાં આવ્યા છે.

સુરત મહાનગરપાલિકા

(Visit us at www.suratmunicipal.gov.in)

FIT INDIA

"મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના"

સુરત મહાનગરપાલિકામાં ધી એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ નીચે જણાવેલ ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં એપ્રેન્ટિસોને તાલીમ આપવાના હેતુસર પસંદગી કરવા માટે લાયકાત/રસ ધરાવતા ઉમેદવારોએ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/ Recruitment સેકશનમાં જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. એપ્રેન્ટીસની જગ્યા માટેના જુદાં-જુદાં ટ્રેડો તથા તેની લાયકાતની માહિતી ધરાવતી વિગતવાર જાહેરાત, ઓનલાઈન અરજી ફોર્મ ભરવા માટેની સામાન્ય સુચનાઓ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/Information/Recruitment ઉપર મુકવામાં આવેલ છે.

ક્રમ	એપ્રેન્ટીસ ટ્રેડનું નામ	સંખ્યા	સ્ટાઈપેન્ડ	શૈક્ષણિક લાયકાત
1	ઈલેક્ટ્રીશ્યન / વાયરમેન	80	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
2	ફીટર	20	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
3	ડ્રાફ્ટસમેન (સીવીલ)	20	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
4	સર્વેયર	20	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
5	મીકેનીક (મોટર વ્હીકલ)	05	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
6	મીકેનીક રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીંગ	05	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
7	મીકેનીક ડીઝલ	10	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
8	હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર	150	9600/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
9	કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ	180	9600/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
10	મેડીકલ લેબ. ટેક. (પેથોલોજી)	40	12300/-	ધો.૧૨ (કેમેસ્ટ્રી,ફીઝીક્સ,બાયોલોજી વિષય સાથે) + બી.એસ.સી
11	એકાઉન્ટ આસીસ્ટન્ટ	160	12300/-	બી.કોમ (એમ. કોમ ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.)
12	ડોમેસ્ટીક ડેટા એન્ટ્રી ઓપરેટર v2.0	170	12300/-	બી.એ. / બી.સી.એ
13	માઈક્રો ફાઈનાન્સ એક્ઝીક્યુટીવ	120	12300/-	બી.કોમ / બીબીએ
14	પી.આર.આસીસ્ટન્ટ	20	12300/-	માસ કોમ્યુનીકેશન / જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન / બી.એ. (જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન)
	કુલ	1000		

લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની સૂચનાઓ તેમજ ઓનલાઈન અરજી ફોર્મ ભરવાની સુચનાઓ વાંચીને ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે રીક્રુટમેન્ટ વિભાગના ફોન નં.૦૨૬૧-૨૪૨૩૭૫૧-૫૬ (એક્ષ્ટેન્શન-૨૩૧) ઉપર સંપર્ક કરવો.

નં.પીઆરઓ/૪૮/૨૦૨૬-૨૭
સુરત. તા.૨૫/૦૫/૨૦૨૬

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર (ડી)
સુરત મહાનગરપાલિકા

૧૦ લાખના ચેક રીટર્નના કેસમાં ઓલપાડના ઝીંગા ઉત્પાદકને 1વર્ષની કેદ

સુરતઃ ઝીંગા ઉત્પાદનનો વ્યવસાય કરતાં આરોપી નિખંજકુમમાર પ્રવિણભાઈ પટેલ(મોતીહરા ફળીયું, સેલુત, તા. ઓલપાડ)ને કોર્ટે ચેક રિટર્ન કેસમાં સજા ફટકારી હતી. ઝીંગા બિયારણ વેચતી ઓસ્કો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર ફરિયાદી સરતકુમાર મક્કધર પલાઈ પાસેથી તેમણે રૂા.૪૦,૨૮,૩૨૨નો માલની ખરીદી કરી હતી. જેનાં પાર્ટ પેમેન્ટ પેટે આરોપીએ તા.૨૦/૦૧/૨૦૧૯ના રોજનો રૂા. દશ લાખનો ચેક આપ્યો હતો.

જે રિટર્ન થતાં ફરિયાદીએ આરોપીને નોટીસ આપ્યાં બાદ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષે વકીલ ધર્મેશ ગાંધી તથા ભાવેશ ચલીઆવાલાની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા રૂા.વીસ લાખનો દંડ ફટકાર્યો હતો.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયિક ધંધાકીય

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

ઘરબેઠા રીપેરીંગ
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile-9825859049, 7859985601

ઘરબેઠા TV, LCD,
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રનિક્સ, અડાજણ, 9898302700

વ્યવસાયિક યાત્રા-પ્રવાસ

(સાગર- 9427113317)
અધિકમાં સોમનાથ, નાગેશ્વર, દ્વારકા, સારંગપુર, (AC બસમાં) 18- જુન ગોવામાં 3 નાઈટ,

મહાદેવ ટુર એન્ડ
ટ્રાવેલ્સ. (ગળતેશ્વર, ડાકોર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (દ્વારકા, સોમનાથ). (આબુ, અંબાજી) (શિરડી, સાપુતારા) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) 7802062340 (116)

ઓમશિવ ટ્રાવેલ્સ
27- મેં, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 28- મેં, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

નોકરી વિષયક

અમારે સાફ સફાઈ
થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

1BHK & 2BHK ફ્લેટ વેચાણથી આપવાના છે
ઉધના મેઈન રોડ ઉપર
99247 27555

Required Marketing
Executive At Least 2 Years Experience to Sale Bopp, Masking Tape, Cello Tape etc For Surat, Bharuch, Dahej Navsari Area in Industries and Retail Market Contact: Aa Bb Maxx Adhesive co- Surat Mobile - 9079716228 Email id - aabbmaxxadhesive@gmail.com

જરૂરી
લાયસન્સ ધરાવતા ફાર્માસિસ્ટ (બી.ફાર્મ/ ડી.ફાર્મ) સૈફી મેડિકલ ઉધના માટે, 8866013052, પર કોલ કરો.

જોઈએ છે
રસોઈ માટે બહેન/ ભાઈ. રસ ધરાવનારે નીચેના નંબર પર સંપર્ક કરવો 9687419067 (114)

જોઈએ છે.
પાલ અને અડાજણ, સુરત ખાતે આવેલ મહિલા PGમા ઘરકામ માટે બહેનો, વિધવા, ડિવોર્સ, એકલા રહેતા અથવા કોઈપણ બહેનો. રહેવા અને જમવાની સુવિધા મળશે. 9924073970

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.